ખેડબ્રહ્મા પંથકમાં વરસાદે સર્જેલ તારાજી

ખેડબ્રહ્મા, તા. ૮

ગુરૂવાર રાત્રે ચાલુ થયેલ વરસાદ ઉપરવાસમાં વધુ પડ્યો હતો. જેના કારણે ખેડવા ડેમમાં પાણીની સપાટી વધતા ડેમના ૬ દરવાજા ખોલી નાંખવામાં આવ્યા હતા. જેને કારણે કરણાવ નદીમાં પુર આવ્યું હતું. શનિવારના રોજ પાણી ઉતરતા સમગ્ર તાલુકામાં મોટુ નુકશાન બહાર આવ્યું છે.

જેમાં પરોયા ગામમાં થોરી ઓમીબેન ગલબાભાઈના ૧૮ બકરા તણાઈ જવા પામ્યા છે. પરોયા-રોધરા દેરોલ, જાડી સિંબલ સહિતના આઠથી નવ ગામો રસ્તાથી સંપર્ક વિહોણા છે.

આ નુકશાનને જોતા અશ્વિન કોટવાલે જણાવ્યું હતું કે ખેડવા ડેમના જવાબદાર અધિકારીઓ કોઈને જાણ કર્યા સિવાય એક સાથે પાંચ પાંચ દરવાજા ખોલી નાંખતા આ તારાજી સર્જાઈ છે. જેથી તેમના ઉપર પગલા લેવા જોઈએ. આજે કેટલાય ગામો સંપર્ક વિહોણા બન્યા છે. અને કેટલીય ખેતીને નુકશાન થયું છે. તંત્રએ નુકશાન થનાર લોકોને સત્વરે વળતર આપવું જોઈએ.

આ ઉપરાંત ચિખલા ગામે એક મકાન ધરાશાઈ થઈ ગયું છે. વધુમાં ખેડબ્રહ્મા શહેરમાં પાણી ફરી વળતા ખેડબ્રહ્મા નદીમાં નવીન બનાવેલ પુલ પરની રેલીંગો પીલ્લર સહિત તણાઈ જવા પામી હતી. આ ઉપરાંત હનુમાન મંદિર પાસે નગરપાલિકાએ મુકેલ કચરાપેટી નદીમાંથી ૨ કિલોમીટર આગળથી મળી હતી. ખેડવા ડેમમાંથી અચાનક પાણી છોડવા બાબતે પ્રાંત અધિકારીને પુછતા તેમણે ડેપ્યુટી એન્જીનીયર સિંચાઈને ખુલાસો માંગતી નોટીસ આપી હોવાનું જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના ૧૩ તાલુકામાં શનિવારના રોજ ઓછા વત્તા પ્રમાણમાં વરસાદ નોંધાયો હતો. જેમાં હિંમતનગર શહેરમાં શનિવારના રોજ સાંજના સમયે એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો.

આ અંગે હિંમતનગર ખાતે આવેલા જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી મળેલ માહિતી મુજબ શનિવારના રોજ દિવસ દરમિયાન જિલ્લાના આઠ તાલુકામાં બાયડમાં ૩ મી.મી., હિંમતનગરમાં ૩૭ મી.મી., ઈડરમાં ૦૯ મી.મી., ખેડબ્રહ્મામાં ૮ મી.મી., માલપુરમાં ૨ મી.મી., પ્રાંતિજમાં ૧૦ મી.મી., તલોદમાં ૨ મી.મી., વિજયનગરમાં ૧૧ મી.મી., વરસાદ નોંધાયો હતો અને પાંચ તાલુકામાં વરસાદ નોંધાયો ન હતો ઉપરાંત જિલ્લાના વાત્રક ડેમમાં ૭૮૦૦, ગુહાઈમાં ૨૦૦, માજુમમાં ૪૫૦, હાથમતીમાં ૬૦૦, હરણાવમાં ૪૦૦, મેશ્વોમાં ૩૦૦, ક્યુસેકની આવક થઈ હતી પરંતુ જાવક ન થઈ હતી જ્યારે જવાનપુરામાં ૬૦૦ની આવક સામે ૬૦૦ની જાવક હતી. વેડીમાં ૨૨૦૦ ની આવક સામે ૨૩૫૦ની જાવક હતી. ખેડવામાં ૫૦૦ની આવક સામે ૩૩૦૦ની જાવક હતી. અને વારાણસી ડેમમાં ૪૫૦૦ ની આવક સામે ૪૦૦૦ની જાવક હતી અને શનિવારના રોજ સાંજે ૭ વાગેના સુમારે વાત્રક ડેમમાંથી ૫૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવનાર છે.

બાયડ શહેરના વિકાસ પથ પર પડેલા ડીસ્કો ડાન્સર ખાડાથી પ્રજા ત્રાહીમામ

બાયડ, તા. ૮

બાયડ શહેર માં થોડાક વર્ષો પહેલા બાયડ શહેર ની જનતા માટે ગૌરવ સમાન એવા વિકાસ પથ ને લઈ ને બાયડ ની પ્રજા ખુશખુશાલ દેખાતી હતી જયારે હાલ આ વિકાસ પથ ને લઈ ને બાયડ નગર ની જનતા ત્રાહીમામ પોકારી ગઈ છે

(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડ નગર માં આવેલ રોડ ઉપર હાલ વરસાદ ને કારણે બાયડ સંજીવની હોસ્પીટલ થી લઈ ને બાયડ પોલીસ સ્ટેશન રોડ સુધી રોડ ઉપર એક ફુટ ઉંડા ખાડા રોડ ઉપર ઠેર ઠેર પડી જવાને કારણે બાયડ તાલુકા ના વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે રોડ ઉપર પડેલા આ મસ મોટા ગાબડા ને લઈ ને મોટો ભયંકર અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે જયારે આ રોડ ઉપર પડેલ ગાબડા પુરવા માટે દેખાવ પુરતો ડસ્ટ પાથરી ને બાયડ નગર ની જનતા ને બેવકુફ બનાવવાની ચાલાકી પણ છતી થઈ ગઈ હતી કારણ કે ડસ્ટ થી પુરેલા ખાડા હાલ જૈસે થે પરીસ્થીતી માં આવી ગયા હતા ઝયારે બાયડ ની સપન હોસ્પીટલ આગઈ ગરીરાજ સોસાયટી આગળ અને ગાબટ રોડ આગળ તેમજ ગોકુલેશ સોસાયટી ના નાકા ઉપર પડી ગયેલા ખાડા ને લઈને જનતા ત્રાહીમામ પોકારી ગઈ છે જયારે આ ગાબડા ને લઈને અત્યાર સુધી કેટલાય વાહન ચાલકો અકસ્માત નો શીકાર બન્યા છે જયારે હાલ ચોમાસાની સીઝન હોવાને કારણે આ ગાબડા માં પાણી ભરાયેલુ હોવાને કારણે રાત્રી ના સમયે વાહન ચાલકો ને મુશ્કેલીઓ વધી ગઈ છે જયારે લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે જયારે આ વિકાસ કામ થયો ત્યારે બાયડ નગરની ભ્રષ્ટ નેતાગીરી ને કારણે આ વીકાસ પથ બનાવવામાં મસ મોટો ભ્રષ્ટાચાર થયુ હોવાનુ દેખાઈ રહયુ છે જયારે આ રોડ બનાવવામાં પણ હલકી કક્ષા નુ મટીરીયલ વાપરવા માં આવ્યુ હોય તેવુ પણ સ્પષ્ટ પણ દેખાઈ રહયુ છે ત્યારે સત્વરે બાયડ નગરપાલીકા ના શાશકો ધ્વારા આર.એન્ડ બી વિભાગ ને ભના આપી આ ખાડાઓને તાત્કાલીક ધોરણે પુરાવી બાયડ નગરમાં મોટો અકસ્માત બનતો ટાળે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

અમીરગઢ પાસે બનાસ નદીમાં ઉપરવાસના વરસાદે ઘોડાપુર આવતાં નદીનો પુલ પાણીમાં ગરકાવ

ડીસા, તા. ૮

અમીરગઢ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી મુશળાધાર વરસાદ વરસી રહ્યો છે. પહાડી વિસ્તારમાં ભારે મેઘ થતા લોકોમાં આનંદ છવાયો છે. ત્યારે છેલ્લા ૪૮ કલાકમાં ઉપરવાસમાં રાજસ્થાન તરફ પણ ભારે



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વરસાદ નોંધાતા આ વિસ્તારમાંથી પસાર થતી બનાસ નદીમાં પાણી ખાબક્યું છે. અને નદી ધીરે-ધીરે રૌદ્રરૂપ ધારણ કરી રહી છે. જેનાથી અમિરગઢ તાલુકાના અનેક ગામોને જોડતો અમીરગઢ પાસેનો બનાસનદી પરનો પુલ ગતરાત્રે નદીમાં આવેલ ઘોડાપુરે ક્ષતીગ્રસ્ત થયો હતો. જેનાથી અમીરગઢ તાલુકાના આ પુલ બહારના અનેક ગામો અમિરગઢથી સંપર્ક વિહોણા બન્યા હતાં. અને આ ગામોમાં રહેતા લોકોના જનજીવન પર તેની વિપરીત અસર પડી હતી. વળી આજુબાજુના ગામોમાં વસતા લોકો અમિરગઢ તાલુકા મથક હોઈ ધંધા રોજગાર અને જીવન જરૂરીયાતની વસ્તુઓની ખરીદી માટે અમિરગઢ આવતા હોઈ તેમજ વિધાર્થીઓ અભ્યાસ અર્થે અહી આવતા હોઈ આ તમામ લોકો અસર ગ્રસ્ત બન્યા છે.

વળી આ પુલ પરથી બનાસ ડેરીમાં દુધ લઈ જતા ટેન્કરો અને ખાનગી વાહનોના નિત્ય આવન જાવનને પણ ભારે અસર પહોંચી છે. જેથી વહીવટી તંત્ર તાત્કાલીક ધોરણે આ પુલનું સમાર કામ કરાવે તેવી અસર ગ્રસ્ત ગ્રામ જનોની માંગ ઉઠેલ છે.

બનાસકાંઠામાં બે દિવસથી મેઘ મહેર યથાવત સર્વત્ર વરસાદ થતાં ખેડૂતો ખુશખુશાલ

ડીસા, તા. ૮

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી ચોમાસુ સક્રિય થતા ગઈકાલે શુક્રવારે પણ જિલ્લામાં ઠેર ઠેર વરસાદી ઝાપટાં પડયાં હોવાના અહેવાલો સાંપડે છે. ઝરમરીયા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠતા બફારાથી ત્રસ્ત જીલ્લાવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો. સરહદી જિલ્લામાં આ વખતે મેઘરાજા રૂઠતા નહીવત વરસાદ થયો છે. તેથી ખેડૂતો અને પશુપાલકોની હાલત કફોડી બની જવા પામી છે.

જો કે આંખ થકવતી રાહ જોવરાવ્યા બાદ આખરે મેઘરાજા જિલ્લા પર રીઝયા છે. તેથી ગત બુધવારની રાત્રે ગાજવીજ સાથે મુશળધાર વરસાદ થયો હતો. ત્યારબાદ પણ વરસાદનું જોર યથાવત રહેવા પામ્યું છે. જેના કારણે અસલ ચોમાસુ માહોલ છવાતા ગઈકાલે પણ ટેક ટેકાણે હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડવા પામ્યા હતા. સતત વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠતા બફારા અને ઉકળાટથી ત્રસ્ત પ્રજાએ રાહત અનુભવી હતી. જો કે, વરસાદના અસહય વિલંબના કારણે ખેતી પાકો મુરઝાઈ ગયા હતા. ઉપરથી મિશ્ર હવામાનના કારણે જીવાતનો ઉપદ્રવ વધી પડયો હતો. જેના કારણે ચોમાસુ સિઝન નિષ્ફળતાના આરે હતી પરંતુ મુશળધાર વરસાદના કારણે મોલો - મસી ધોવાઈ જતા ચોમાસુ પાકોની થોડી ઘણી ઉપજ થવાની આશા બંધાઈ છે. જેથી સતત વરસાદથી ખેડૂતોએ પણ હાશકારો અનુભવ્યો હતો.

જો કે, સતત વરસાદના કારણે ડીસા - પાલનપુર સહિતના શહેરી વિસ્તારોમાંઆવેલ નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. જાહેર રસ્તાઓ પણ પાણીમાં ગરકાવ બની ગયાં છે. તેમાં ગઈકાલે ઝરમર વરસાદના કારણે ઉલટાનું કાદવ - કીચડનું સામ્રાજય છવાયું છે. તેથી શહેરીજનો સાથે રાહદારીઓની હાડમારીઓ વધી જવા પામી છે. માટે તેઓ મુશળધાર વરસાદ ઝંખી રહ્યાં છે. જો કે, જિલ્લામાં હજુ અપુરતો વરસાદ પડયો છે. તેથી ગામ તળાવો અને નદી - નાળાં સુકાભઠ્ઠ પડયા છે પરંતુ હવે છેલ્લા બે દિવસથી ચોમાસુ સિઝનનો સૌથી વધુ વરસાદ થયો છે. મતલબ ચોમેર છવાયેલ ચોમાસુ માહોલના કારણે હવે ચોમાસુ અસલ રૂપમાં સક્રિય થયું છે. જેના કારણે વરસાદનું જોર યથાવત રહેવાની ધારણાં છે.

હવામાન વિભાગે પણ ભરપુર વરસાદની આગાહી કરી છે. જેમાં જીલ્લા ફલડ કંટ્રોલ વિભાગના આજરોજ શનિવાર સવારે આઠ કલાક સુધીના આંકડાઓમાં અમિરગઢ, ૫૬ મીલી મીટર, ભાભર ૪, મીલી મીટર, દાંતા ૭૭ મીલીમીટર દાંતીવાડી ૪૧ મીલીમીટર, ધાનેરા ૨૭ મીલી મીટર, દીયોદર ૫ મીલીમીટર, ડીસા ૪૪ મીલીમીટર, કાંકરેજ ૬ મીલીમીટર, પાલનપુર ૩૨ મીલી મીટર, થરાદ ૫ મીલીમીટર, વાવ ૩ મીલીમીટર, જ્યારે વડગામમાં સૌથી વધારે ૮૭ મીલી મીટર વરસાદ નોંધાયો છે. જ્યારે જીલ્લાની મુખ્ય જળાશય યોજના એવા દાંતીવાડા ડેમમાં હાલની જળ સપાટી પાંચસો પંચોતેર પોઈન્ટ ચાલીસ ફુટ છે. આ ડેમની મહત્મ સપાટી લેવલ છસ્સો ચાર ફુટ છે. આજની તાજા સ્થીતીએ ડેમમાં પ્રતી કલાક પંદર હજાર સાતસો ચોપ્પન ક્યુશેક પાણી આવતા ખેડુતોમાં ખેતી વિષયક નવીન આશાવાદ પેદા થયેલ છે.

ધાનેરાના થાવર નજીક અકસ્માતમાં બેના મોત : એક ગંભીર

ડીસા, તા. ૮

ધાનેરાના થાવર નજીક ગતરોજ ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવાર ત્રણ યુવકો ગંભીર હદે ઘવાયા હતા. જેપૈકી બેના મોત નિપજયા હતા.

જયારે એકની હાલત ગંભીર હોઈ પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ધાનેરા તાલુકાના થાવર ગામના અમરતભાઈ રૂપાભાઈ પટેલ, જયંતિભાઈ પ્રેમાભાઈ પટેલ અને ભરતભાઈ શંકરભાઈ પટેલ ગતરોજ બાઈક ઉપર બેસી ધાનેરાથી થાવર તરફ આવી રહ્યા હતા, ત્યારે સામેથી પુરઝડપે આવી રહેલ ટ્રકના ચાલકે આ ત્રણ બાઈક સવારોને અડફેટે લીધા હતા. જેમાં બાઈક ટ્રક નીચે આવી જતાં ત્રણેય યુવકો ગંભીર રીતે ઘવાયા હતા. જયાં સારવાર મળે તે પૂર્વે ભરતભાઈ શંકરભાઈ પટેલનું મોત નિપજયું હતું. જયારે અન્ય બે યુવકોની હાલત ગંભીર હોઈ તેઓને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન અન્ય એક યુવક જયંતિભાઈ પ્રેમાભાઈ પટેલનું પણ મોત નિપજયું હતું. જયારે અમરતભાઈ રૂપાભાઈ પટેલની હાલત ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

ટ્યૂકડી જાહેર ખબર

અઢળક કમાઓ

મૂડી રોકાણ વગર સ્વતંત્ર બિઝનેશ કરી મહિને રૂ. ૨૦,૦૦૦થી અનલિમીટેડ આવક કમાઓ.

મો. : ૯૮૯૮૨૩૮૬૬૩

મો. : ૯૭૨૩૨૯૯૦૮૮

ઓપન ઈન્ટરવ્યુ

૧. તજજ્ઞ-૧ : અનુસ્નાતક ગૃહવિજ્ઞાન / બાળવિજ્ઞાન / મનોવિજ્ઞાન

૨. સહાયક હિસાબનીશ-૧ : કોમર્સ સ્નાતક, કોમ્પ્યુટર જાણકાર

૩. હિસાબી કારકૂન-૧ : સ્નાતક, કોમ્પ્યુટર જાણકાર

ઉપરોક્ત જગ્યાની ભરતી માટે ઉમેદવારોએ તા. ૨૧-૯-૧૨, શુક્રવારના રોજ સવારે ૧૧-૦૦ વાગે નીચેના સ્થળે અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે ઉપસ્થિત રહેવું.

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર

સેક્ટર-૨૨, દેનાબેંક સામે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૨૨૩

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૬૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન